# મસલતો શબ્દના બે વિવિધ અર્થઘટન

**શ્રી અરુણ જેટલી**

સર્વોચ્ચ અદાલતે ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ કર્ણાટક ઉપ-લોકાયુક્ત કેસમાં ચુકાદો આપ્યો. આ અગાઉ ૩ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં લોકાયુક્ત મામલે ચુકાદો આપ્યો ત્યારે પણ મેં વિગતવાર ટિપ્પણ કરી હતી. નવ દિવસના સમયગાળામાં અપાયેલા આ બંને ચુકાદા મેં એકથી વધુ વખત વાંચ્યા છે. સર્વોચ્ચ અદાલતે આપેલા બંને ચુકાદા અલગ અલગ જણાય છે, પરંતુ કર્ણાટકના ચુકાદાથી મુખ્ય ન્યાયમૂર્તિએ ગુજરાતના ચુકાદામાં આપેલા અભિપ્રાય અંગે ઘણા લોકોના મનમાં શંકા ઉત્પન્ન થઈ છે.

**જોગવાઈઓ**

કર્ણાટક એક્ટની કલમ - ૩ અન્વયે લોકાયુક્ત અને ઉપ-લોકાયુક્તની નિમણૂક કરવામાં આવે છે. તે કાયદાની કલમ - ૩(૨)(બી) નીચે મુજબ છેઃ

(બી) મુજબ ઉપ-લોકાયુક્તપદે એવી વ્યક્તિની નિમણૂક કરવામાં આવે કે જેઓ વડી અદાલતના ન્યાયાધીશપદે રહી ચૂક્યા હોય. આવી નિમણૂક કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, કર્ણાટક વિધાનમંડળના અધ્યક્ષ, કર્ણાટક વિધાનસભાના સ્પીકર, કર્ણાટક વિધાનપરિષદના વિપક્ષી નેતા અને કર્ણાટક વિધાનસભાના વિપક્ષી નેતા સાથે સલાહમસલતો વડે કરવામાં આવે.

બીજી બાજુ ગુજરાત એક્ટની કલમ - ૩માં નીચેની જોગવાઈનો ઉલ્લેખ છેઃ
આ કલમની જોગવાઈઓ અનુસાર રાજ્યપાલ પોતાના અધિકારનો ઉપયોગ કરીને સહિસિક્કા ધરાવતા નિયુક્તિ-પત્રથી લોકાયુક્તની નિમણૂક કરી શકે છે.

લોકાયુક્તની નિમણૂક બંધારણની કલમ ૩૫૬ હેઠળ ગુજરાત વિધાનસભાનું વિસર્જન કરવામાં આવ્યું હોય ત્યારે વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિધાનસભાના વિપક્ષી નેતા સાથે સલાહમસલતો કરવામાં આવે. વિપક્ષી નેતા ન હોય તો ગૃહના વિપક્ષી સભ્યોએ સ્પીકર સાથે સીધી ચર્ચાથી નક્કી કરેલી વ્યક્તિ સાથે વિચારવિમર્શ કરીને નિમણૂક કરવામાં આવે.

કર્ણાટક એક્ટની જોગવાઈઓમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઉપ-લોકાયુક્તપદે નિમણૂક પામનાર વ્યક્તિ હાઈકોર્ટના ન્યાયાધીશપદે રહી ચૂક્યા હોવા જોઈએ. મુખ્ય પ્રધાને આપેલી સલાહ મુજબ રાજ્યપાલે આવી નિમણૂક કરવી. મુખ્ય પ્રધાનની સલાહ લેતા પહેલા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, કર્ણાટક વિધાનમંડળના અધ્યક્ષ, કર્ણાટક વિધાનસભાના સ્પીકર, કર્ણાટક વિધાનપરિષદના વિપક્ષી નેતા અને કર્ણાટક વિધાનસભાના વિપક્ષી નેતા સાથે સલાહમસલતો કરવામાં આવે. અહીં મસલતો શબ્દ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

ગુજરાત એક્ટમાં રાજ્યપાલે નિયુક્તિ-પત્ર બહાર પાડવાની પ્રક્રિયાનો ઉલ્લેખ છે. જેથી સુપ્રીમ કોર્ટે પ્રધાનમંડળ સાથે ચર્ચાવિચારણા કરીને રાજ્યપાલે નિમણૂક કરવી જોઈએ, એવી ટકોર કરી તે યોગ્ય છે. હકીકતમાં મુખ્ય પ્રધાન અર્થાત્ પ્રધાનમંડળ પોતાના અભિપ્રાય અંગે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિપક્ષી નેતા સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણય લે એવો ઉલ્લેખ જોગવાઈમાં કરવામાં આવ્યો છે. તે કાયદામાં પણ મસલતો શબ્દ પર ભાર મૂકવામાં આવ્યો છે.

અહીં સવાલ એ છે કે શું કર્ણાટક એક્ટમાં ઉપયોગમાં લેવાયેલા મસલતો શબ્દ અને ગુજરાત એક્ટમાં વપરાયેલા મસલતો શબ્દનું અર્થઘટન અલગ અલગ કેવી રીતે હોઈ શકે... અહીં અર્થઘટનનો સોનેરી નિયમ લાગુ કરવામાં આવ્યો છે, જે કાયદાનો ઈરાદો સ્પષ્ટ કરે છે.

**કર્ણાટક કેસ**
સર્વોચ્ચ અદાલતે કર્ણાટક કેસમાં એવો અભિપ્રાય આપ્યો છે કે મસલતો અર્થસભર અને અસરકારક હોવી જોઈએ, જે યોગ્ય છે. મુખ્ય પ્રધાન જે નામોની ભલામણ કરવા ઈચ્છતા હોય તે નામો અંગે અન્ય વ્યક્તિઓ સાથે પણ સલાહમસલતો કરવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે કર્ણાટક કેસમાં આપેલા અભિપ્રાયો બે અલગ અલગ મંતવ્ય રજૂ કરે છેઃ

મુખ્ય પ્રધાને આપેલી સલાહને અગ્રક્રમ આપવામાં આવે નહિ કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ..... ..... ......વગેરે અન્યોએ સૂચવેલા નામો.

મારા મત મુજબ કર્ણાટક એક્ટની કલમ-૩(૨)(એ) અને (બી)ની જોગવાઈઓમાં આપણે ગમે એટલી કોશિશ કરીએ છતાં આ નિમણૂકમાં અગ્રક્રમ કોને આપવો તે બાબતે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ ચુકાદો આપ્યો એવું અર્થઘટન થઈ શકે એમ નથી. માટે હું એવો મત ધરાવું છું કે મુખ્ય ન્યાયમૂર્તિને નિમણૂકમાં અગ્રક્રમ આપવાનો ઉલ્લેખ ચુકાદામાં કરવામાં આવ્યો તે આ કાયદાની જોગવાઈથી બહારની બાબત છે. આ બાબત વિધાનમંડળની પ્રક્રિયામાં હાઈકોર્ટ પણ સામેલ થયાનો નિર્દેશ કરે છે.
...... ......... .........
જો કે મેં એ બાબત સ્પષ્ટ પણ કરી છે કે મુખ્ય પ્રધાને સૂચવેલા નામ સહિતની મસલતોમાં જે નામો આગળ આવે તેમાં કોઈ અગ્રક્રમનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. મુખ્ય પ્રધાન રાજ્યના રાજ્યપાલને ઉપ-લોકાયુક્તની નિમણૂક બાબતે કોઈપણ નામોની સલાહ આપી શકે છે.

સુપ્રીમ કોર્ટે આપેલા બીજા અભિપ્રાયનો સાર નીચે મુજબ છેઃ

સામાન્ય રીતે નિમણૂકની પ્રાથમિક જવાબદારી રાજ્યપાલની છે અને તેમાં મુખ્ય પ્રધાને રાજ્યપાલને સલાહ આપવી. .....
....... અહીં એ ભૂલવું ન જોઈએ કે ઉપ-લોકાયુક્તપદે નિમણૂક મસલતોની પ્રક્રિયા છે અને તેમાં વિવિધ બંધારણીય સત્તાધીશો સામેલ થાય છે. જેથી કોણ વરિષ્ઠ છે એવો સવાલ જ ઉપસ્થિત થતો નથી.
..... ..... હું હાઈકોર્ટની એ બાબત સાથે સહમત છું કે ઉપ-લોકાયુક્તની નિમણૂક માટે મુખ્ય પ્રધાને નામોની ભલામણ કરવી અને તેને ધ્યાનમાં પણ લેવામાં આવે. કર્ણાટક એક્ટની કલમ - ૩(૨)(બી)માં એવો ઉલ્લેખ છે કે ઉપ-લોકાયુક્તની નિમણૂક બાબતે મુખ્ય પ્રધાને રાજ્યપાલને સલાહસૂચનો આપવા.પણ તે પહેલા મુખ્ય પ્રધાને મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચારવિમર્શ કરવો. એવું ન કહી શકાય કે પોતાના મંતવ્યને અન્ય બંધારણીય સત્તાધીશો કરતા અગ્રક્રમ રહેશે.
.......

કર્ણાટક કેસમાં સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદામાં મુખ્ય ન્યાયમૂર્તિ સહિતના બંધારણીય સત્તાધીશો સાથે અર્થસભર મસલતો કરવી અને મુખ્ય પ્રધાનની સલાહને અગ્રક્રમ આપવો નહિ કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહને, એવો મત વ્યક્ત કરવામાં આવ્યો છે.

**ગુજરાત કેસ**
સર્વોચ્ચ અદાલતે ગુજરાત લોકાયુક્ત કેસમાં આપેલો અભિપ્રાય તદ્દન અલગ પ્રકારનો છે. જેમાં કહેવામાં આવ્યું છે કેઃ
મુખ્ય ન્યાયમૂર્તિની સલાહને અગ્રક્રમ આપવાનું કારણ એ છે કે તેઓ નિષ્પક્ષ દરજ્જો ધરાવે છે અને લોકાયુક્તની નિમણૂકને પાત્ર વ્યક્તિ વડી અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ હોઈ કોની નિમણૂક કરવી તેનો ફેંસલો મુખ્ય ન્યાયમૂર્તિએ કરવો...... .....
મુખ્ય ન્યાયમૂર્તિની સલાહને આ નિમણૂકમાં અગ્રક્રમ આપતી વખતે મુખ્ય પ્રધાનની ભલામણનો અસ્વિકાર કરવો કે કેમ તે બાબતને ઓછું મહત્ત્વ આપવામાં આવ્યું છે. જે વ્યક્તિ(મુખ્ય પ્રધાન) પાસે મર્યાદિત સત્તા હોય તેમણે સત્તાનો બેફામ ઉપયોગ ન કરવો જોઈએ.

**વિરોધાભાસ**
સુપ્રીમ કોર્ટ દ્વારા ફક્ત નવ જ દિવસના સમયગાળામાં અપાયેલા બે અલગ અલગ ચુકાદામાં કેટલો બધો વિરોધાભાસ જોવા મળે છે. લોકાયુક્ત અને ઉપ-લોકાયુક્તની નિમણૂકના મુદ્દે જ બંને ચુકાદા આપવામાં આવેલા છે. તો ગુજરાત માટે કાયદો અન્ય રાજ્યો માટેના કાયદાથી અલગ કેવી રીતે હોઈ શકે... કર્ણાટક કેસમાં એવો તર્ક રજૂ કરવામાં આવ્યો કે બંને કાયદા વિભિન્ન પ્રકારના છે. બંને કાયદામાં મુખ્ય પ્રધાનની સલાહમસલતો પર ભાર મૂકવામાં આવ્યો છે. બંને કાયદામાં આ બાબત લગભગ એકસરખી છે.

જો કે બેઉ ચુકાદામાં પરસ્પર વિરોધાભાસ વિધાનમંડળના પ્રતિનિધિ તરીકે મને યોગ્ય જણાતો નથી. ભવિષ્યમાં સંસદ લોકપાલની નિમણૂક કરે ત્યારે પણ મુખ્ય ન્યાયમૂર્તિ સાથે મસલતો થવી જોઈએ. તેમની સલાહને અગ્રક્રમ ન અપાવો જોઈએ કે તેમની સલાહ સંસદને બંધનકર્તા ન હોવી જોઈએ. આ બાબતે પ્રવર્તતી અસમંજસ દૂર કરી અર્થઘટન પ્રક્રિયા અંગે સ્પષ્ટતા થવી જોઈએ.

એક જ પ્રકારના બે કેસમાં અલગ અલગ અર્થઘટન કરવાનું અગાઉ કદી જોવા મળ્યું નથી. બીજા વિશ્વ યુદ્ધ વખતે અગમચેતીરુપે અટકાયતો કરવામાં આવી ત્યારે અને નાઝીના જાસુસોને પકડવામાં આવ્યા ત્યારે એક જ કાયદાના બે અલગ અલગ અર્થઘટન કરવામાં આવ્યા હતા. લોર્ડ એટકીન વિરુદ્ધ સર જહોન એન્ડરસનના કેસમાં કહેવામાં આવેલા શબ્દો આ પ્રમાણે હતાઃ આ દેશમાં કાયદાકીય લડત ચૂપકિદી રાખવા યોગ્ય નથી. તેમાં ફેરફારો થઈ શકે છે, પણ યુદ્ધ વખતે અને શાંતિ વખતે અર્થઘટનની ભાષા એક જ હોવી જોઈએ.

હું આ બાબતનો વિરોધ કરું છું. પ્રધાનની અમર્યાદિત સત્તાની આ વાત હોવાનું કહેવામાં આવ્યું છે. શબ્દનું અર્થઘટન એકસરખું જ હોવું જોઈએ. કાયદા અને દરજ્જાની બાબતમાં પણ આવું જ હોવું જોઈએ. બચાવ કરવા માટે અર્થઘટન અલગ ન થઈ શકે. વિવિધ કેસમાં સંલગ્ન પરિસ્થિતિ અનુસાર અર્થઘટન અસ્વાભાવિક બાબત છે. ફક્ત એક જ સત્તાધીશની સલાહ આમાં યોગ્ય ગણાય.
હું સુસંગત સૂરનો ઉપયોગ કરવાને બદલે આડેધડ શબ્દપ્રયોગ કરું તે ઓછેવત્તે અંશે અર્થસભર નથી. તમે એક જ શબ્દના અલગ અલગ અર્થઘટન કેવી રીતે કરી શકો...

મસલતો શબ્દનો બધે એક જ અર્થ થાય છે, પછી તે ગુજરાત હોય કે કર્ણાટક કે પછી દેશનો બાકીનો ભાગ.